જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૧/૨૦૧૭ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૪૨ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૬ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૭ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૮,૩૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## લુંટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૯/૧૭

**ઇસનપુર** : કેયુરભાઇ ગણપતભાઇ અકબરી(પટેલ) (ઉ.વ.૨૩)(રહે,નીલકંઠ સોસાયટી, બારેજા ગામ તા.દસકોઇ જી.અમદાવાદ) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧/૧૭ રાતના ૯/૦૦ થી ૯/૨૦ વાગ્યા દરમ્યાન નારોલ જુનુ ઓક્ટ્રોય નાકુ ચંડોળા ખાતે અજાણ્યા ત્રણ પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષ આશરાનાં) ભેગામળી કેયુરભાઇને રિક્ષામાં બેસાડી ચપ્પુ બતાવી ડરાવી-ધમકાવી કેયુરભાઇ પાસેથી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/-, મોબાઇલ કિંમત રૂપિયા ૫,૦૦૦/- તથા કપડા કિંમત રૂપિયા ૧૫૦૦/- મળી કુલ રૂપિયા ૧૬,૫૦૦/- મત્તાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.રાતડા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૦૦/૧૭

**કૃષ્ણનગર** : જયદીપભાઇ નવનીતભાઇ લુહાર (રહે,રામ વાટીકા વેલેંજા ગામ, રંગોલીપાર્ક સુરત) એ કૃષ્ણનગર પોલીસે સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧/૧૭ રાતના ૯/૦૦ વાગ્યાનાં સુમારે સુરત થી નીકળી અમદાવાદ ઠક્કરનગર બ્રીજ થી રીક્ષા ભાડે કરી નરોડા, નિકોલ શુકન બંગ્લોઝ બંસીધર પાર્ક પાસે પોતાના ભાઇના ઘરે આવેલ દરમ્યાન રોડ ઉપર રીક્ષા ઉભી રાખી રીક્ષામાંથી ત્રણ બેગ મકાન ની અંદર મુકવા ગયેલ દરમ્યાન રીક્ષાની અંદર રહી ગયેલ એક બેગ કે જેમાં સોના-ચાંદીનાં દાગીનાં અને રોકડ રૂપીયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૧,૫૦૦/- મત્તા હતી તે બેગ અજાણ્યો રીક્ષા ચાલક ચોરી કરી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**પતંગની દોરીથી ઇજા થતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૧/૧૭**

**પાલડી** : માલતીબહેન વા/ઓફ વિશાલભાઇ લંગાળીયા (ઉ.વ.૩૦)(રહે,રીવરસાઇડ પાર્ક, જી.બી.શાહ કોલેજ પાછળ વાસણા) તા ૧૪/૦૧/૨૦૧૭ ના કલાક ૧૧/૩૦ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન ધરણીધર બ્રીજનાં ઉપરના ભાગે પોતાનાં હિરો ડ્યુ સ્કુટર ઉપર પોતાની સાસુ સાથે પસાર થઇ રહ્યા હતા દરમ્યાન પતંગની દોરી માલતીબહેનનાં ગળાનાં ભાગે વિંટળાઇ જતાં, ગળાના ભાગે ગંભીર ઇજા થતાં, સારવાર માટે ડો.જીવરાજ મહેતા હોસ્પિટલમાં લઇ જતાં ફરજ પરના ડો.શ્રી એ માલતીબહેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દીનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૦૨/૧૭**

**સરદારનગર** : પ્રવિણભાઇ રતિલાલ રાઠોડ (રહે,નેહરુનગરના કાચા છાપરા, કેવલ કચોરીની પાછ્ળ કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૧/૧૭ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ભદ્રેશ્વરથી કોતરપુર તરફ જવાના રોડ ઉપર આવેલ જોગણી માતાના મંદિરની સામે પોતાનાં મિત્ર નિતેશભાઇ પ્રહલાદભાઇ સોલંકી (ઉ.વ.૧૯)(રહે.નેહેરૂનગર, કુબેરનગર, સરદારનગર) સાથે મોટર સાયકલ ઉપર પાછળ બેસી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન અજાણ્યા મોટર સાયકલનાં ચાલકે રોંગ સાઇડમાં પુરઝડપે અને બેદરકારીથી મોટર સાયકલ ચલાવી લાવતાં, મોટર સાયકલને ટક્કર મારતાં, બંને જણા નીચે પડી જતાં, નિતેશભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે સિવીલ હોસ્પીટલ ખાતે લાવતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ નિતેશભાઇને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.જી.ખરાડી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૩/૧૭**

**કૃષ્ણનગર** : છોટીલાલ પાતીરામ રાઠોડ (રહે, પરીમલ બંગ્લોઝ, સરદાર ચોક કૃષ્ણનગર) એ છેલ્લા ત્રણ વર્ષથી માનસીક રીતે બીમાર રહેતા હોઇ તા.૧૩/૧/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૧૪/૧/૧૭ નાં કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પ્લાસ્ટીકની દોરી પંખે બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)